વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૭-૮ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : એપ્રિલ ૬-૨૨, ૨૦૨૬

# યુદ્ધની અસંગઠિત ક્ષેત્ર પર અસર

આપણા દેશના શ્રમ બજાર પર હાલમાં ચાલી રહેલાં યુદ્ધની ઊંડી અસર જોવા મળી રહી છે. ખાસ કરીને દેશના કુલ કામદાર વર્ગના ૯૩% અસંગઠિત વર્ગ પર અને તેમાંય સ્ત્રી કામદારોની પરિસ્થિતિ વધારે તકલીફવાળી બની છે.

શહેરી ક્ષેત્રમાં રાંધણગેસની અછત અને ખાદ્ય પદાર્થની કિંમત વધવાને લીધે ઘણી બાંધછોડ કરવી પડે છે. જ્યારે ગ્રામિણ ક્ષેત્રમાં સ્ત્રી કામદારોને રાંધણ ગેસની અછતના લીધે બળતણ ભેગું કરવામાં વધારે સમય આપવો પડે છે જેની સીધી અસર ઉત્પાદકતા ઉપર પડે છે.

આ અસંગઠિત ક્ષેત્રના કામદારોની કામ અને આવકની સલામતીમાં ઘટાડો થયો છે. આવી અનિશ્ચિતતા કામદારોના માનસિક સ્વાસ્થ્ય ઉપર પણ માઠી અસર પહોંચાડી રહી છે.

આપણે અસંગઠિત ક્ષેત્રના જુદા જુદા ધંધોઓ પર યુદ્ધની અસરો જોઈએ તો તેમાં, બાંધકામ ક્ષેત્રમાં અત્યારે મોટી મંદી જોવા મળી રહી છે. વૈશ્વિક સ્તરે ભાવમાં થયેલા આંચકાઓને કારણે સિમેન્ટ, સ્ટીલ, ઈંધણ અને વાહન દ્વારા થતી માલની હેરફેરના ખર્ચમાં મોટો વધારો થયો છે. બાંધકામ માટેની સામગ્રી પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. વળી, કામમાં ઘટાડો થવાને કારણે કામદારોની માંગ ઘટી છે અને અનિશ્ચિતતાને લીધે, ખાસ કરીને આ ઉદ્યોગમાં કામ કરતા અમુક પ્રવાસી કામદારો પોતપોતાના વતન પરત ફરી રહ્યા છે.

મોટાં ભાગનાં બાંધકામ સ્થળોએ મિક્સર મશીનો ડીઝલ અથવા વીજળી પર ચાલે છે. આથી, જે કામદારો ખાસ કરીને સ્લેબ ભરવાનું અને છતનું કામ કરે છે, તેમના કામ પર મોટી અસર પડી છે. નાની છત કે સ્લેબનાં કામો હજુ પણ નાનાં મિક્સર મશીનોથી થઈ રહ્યાં છે, પરંતુ ડીઝલના વધતા ભાવ અને અછતને કારણે ભારે છત ભરવાનું કામ ખોરવાઈ ગયું છે.

પહેલાં કોન્ટ્રાક્ટરો મિક્સરની ટાંકીઓ ડીઝલથી આખી ભરી દેતા અને વધારાનું ડીઝલ કેનમાં પણ સાથે રાખતા જેથી ભારે સ્લેબનું કામ એકસાથે પૂરું કરી શકાય, પરંતુ હવે તેમને વધારાના કેન ભરીને ડીઝલ મળી રહ્યું નથી. જેથી, કોન્ટ્રાક્ટરો હાલમાં આ કામ કરવાનું થોડાઘણા અંશે ટાળી રહ્યા છે.

આ કામમાં સ્થાનિક સ્ત્રી બાંધકામ કામદારો માત્ર માથા પર ભાર ઊંચકનારા તરીકે કામ કરે છે અને મુખ્ય પુરુષ કામદારોને મદદ કરે છે. જ્યારે પરપ્રાંતીય મહિલા કામદારો સ્લેબ ભરવા માટે એક ટીમ તરીકે કામ કરે છે. આ બંને કિસ્સાઓમાં, બાંધકામની જગ્યાઓએ મહિલા કામદારોને પૂરતું કામ નથી મળી રહ્યું.

બીજું એક મહત્ત્વનું પાસું એ છે કે, બાંધકામ સ્થળોએ સેન્ટરિંગ અને શટરિંગનાં કામ પર પણ અસર પડી

છે. શટરિંગ અને સેન્ટરિંગ પ્લેટોને પકડી રાખવા માટેના સપોર્ટ બીમ ધાતુના બનેલા હોય છે. તેને દરેક કામ પછી ઓઈલિંગ કરવું જરૂરી હોય છે. હાલમાં ક્રૂડ ઓઈલની ‘અછત’ અને ભાવવધારાને કારણે આ શક્ય બનતું નથી. તેથી, કોન્ટ્રાક્ટરો આ વસ્તુઓ ભાડે રાખતાં નથી અને આ કામમાં રોકાયેલા કામદારોને ઓછું કામ મળી રહ્યું છે.

**શ્રમિકોનું સ્થળાંતર અને શોષણ;**

ફેબ્રુઆરીના અંતમાં જે પરપ્રાંતીય શ્રમિકો પોતાના ગામડે ગયા હતા, તેઓ ધીમે ધીમે શહેરોમાં પાછા ફરવા માંડ્યા છે, અત્યારે માત્ર પુરુષ કામદારો જ કામે પાછા આવી રહ્યા છે, જ્યારે સ્ત્રી કામદારો અને બાળકો ગામડે જ રોકાયાં છે.

ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા કામદારો, ખાસ કરીને સ્ત્રી કામદારોને નિયમિત કામ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. આધુનિક ઈંટના ભઠ્ઠાઓ હવે હવાના પ્રવાહને નિયંત્રિત કરવા માટે ડીઝલથી ચાલતા જનરેટરનો ઉપયોગ કરે છે, ખાસ કરીને જ્યાં વીજ પુરવઠો નિયમિત ના હોય ત્યાં ડીઝલ જનરેટર સેટ આવશ્યક છે. આની સીધી અસર કામ પર પડી છે - પહેલાં ભઠ્ઠામાં ૨૦ કામદારો કામ કરતા હતા, પરંતુ હવે માત્ર ૪-૫ કામદારોને જ રાખવામાં આવે છે. તેમાં પણ સ્ત્રી કામદારોનું સૌથી પહેલા કામેથી બંધ કરવામાં આવે છે.

**ખેતમજૂરોની હાલની સ્થિતિ અને મુશ્કેલીઓ જોઈએ તો,**

ખેતી સાથે જોડાયેલા મજૂરો અત્યારે ભારે તાણમાં છે. હાલ ખેતરોમાં પાક તૈયાર છે, પણ તે કાપવા માટેના થ્રેશર કે હાર્વેસ્ટર મશીનો મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. ડીઝલના ભાવ વધવાને કારણે જે મશીન પહેલાં કલાકના ૯૦૦ રૂપિયાના ભાવે મળતું હતું, તેના હવે ૧૨૦૦થી ૧૫૦૦ રૂપિયા માગવામાં આવી રહ્યા છે. આના કારણે મજૂરો અને નાના ખેડૂતોના ખેતીના ખર્ચમાં મોટો વધારો થયો છે. ઘઉં પકવતા મજૂરો અને ખેડૂતો મુશ્કેલીમાં છે કારણ કે, ઘઉંની નિકાસ અટકી ગઈ છે. અગાઉ જે ઘઉંના એક ક્વિન્ટલના ૬૦૦થી ૭૦૦ રૂપિયા મળતા હતા, તેના હવે માત્ર ૪૫૦થી ૫૦૦ રૂપિયા જ મળી રહ્યા છે. ખાતર, બિયારણ અને યુરિયાના ભાવમાં પણ મોટો વધારો થયો છે.

**માથોડા કામદારોની પરિસ્થિતિ જોઈએ તો,**

યુદ્ધની સ્થિતિને કારણે ટેક્સટાઇલના જથ્થાબંધ બજારો પણ તકલીફોનો સામનો કરી રહ્યા છે. આ બજારોમાંથી મોટા પ્રમાણમાં કપડાં અને કાપડની આયાત-નિકાસ થાય છે. અત્યારે આ બજારોમાં માલ ઓછો આવતો હોવાથી, માથોડા- હાથલારી ખેંચનાર કામદારો પાસે પૂરતું કામ નથી.

અગાઉ તેઓ દિવસના ૪૦૦થી ૫૦૦ રૂપિયા કમાતા હતા, તેની સામે અત્યારે તેઓ માંડ સો-બસ્સો રૂપિયા કમાઈ શકે છે. વળી, જે મજૂરો માલની હેરફેર માટે નાનો ટેમ્પો ચલાવતા તેમણે ડીઝલ માટે વધારે રૂપિયા ખર્ચવા પડે છે અને ડિઝલ મળશે કે નહીં તે પણ નક્કી હોતું નથી ! આવા સંજોગોને લીધે કાપડ બજારના વેપારીઓ પણ અત્યારે નવું રોકાણ કરવા કે, નવો માલ ભરવા તૈયાર નથી.

નાની ફેક્ટરીઓમાં કામ કરતાં કામદારોમાં જે કારખાનાના કામદારો એપેરલ પાર્કમાં કામ કરે છે તેમણે જણાવ્યું કે, ફેક્ટરીઓમાં હાલમાં ઘણો માલ તૈયાર પડ્યો છે જેની નિકાસ બાકી છે. તેથી કારખાનાના માલિકો કારખાનું પૂરેપૂરું નહીં પણ થોડું થોડું ચલાવી રહ્યા છે અને કામદારોને વધુ રજાઓ આપી રહ્યા છે.

અગાઉ અઠવાડિયામાં માત્ર એક જ રજા મળતી હતી, પરંતુ હવે કામદારોને બે રજાઓ આપવામાં આવે છે. તેથી તેમની આવક ઘટી છે. સૂતરમાંથી કાપડ બનાવતા મેન્યુફેક્ચરિંગ યુનિટો પણ બે મુખ્ય કારણસર બંધ થઈ રહ્યા છે. એક, સૂતરની કિંમતમાં ધરખમ વધારો થયો છે. એટલે ઉત્પાદકો આ વધારાનો ખર્ચ ઉઠાવી શકતા નથી.

કાચા માલની અછતને કારણે નાની અને મોટી બંને પ્રકારની ફેક્ટરીઓમાં કામદારોને પૂરતા દિવસોનું કામ નથી મળતું.

ઘરખાતા કામદારોમાં મોટા ભાગે બહેનો હોય છે. **જેઓ અસંગઠિત અર્થતંત્રનો એક મોટો ભાગ છે છતાં** અદ્રશ્ય રહેતાં કામદારો છે. આ શ્રમિકો માટે તેમનું ઘર માત્ર રહેવાનું સ્થળ જ નહીં, પરંતુ તેમની કામની જગ્યા પણ છે. આ કામ જોઈએ તો, કપડાંનું સિલાઇકામ, ભરત-કામ, પતંગ બનાવવા, બીડી વાળવી, ખાખરા અને પાપડ બનાવવા અગરબત્તી બનાવવી અને પેકિંગ જેવાં અનેક

ધંધાઓનો સમાવેશ થાય છે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, ઘરખાતા કામદારો પર યુદ્ધની કોઈ અસર નહીં થાય, પરંતુ સાચું નથી. તેમના કામમાં સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈન હોય છે અને આ સપ્લાય ચેઈનમાં હાલમાં યુદ્ધની પરિસ્થિતિના લીધે તકલીફ રહે છે.

નિકાસ-આયાતની મુશ્કેલીઓ, ઈંધણના વધતા ભાવ અને કાચા માલ (જેમ કે યાર્ન/દોરા)ની મોંઘવારીને કારણે કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલી મહિલાઓ પાસે હવે માત્ર ૩૦%થી પણ ઓછું કામ રહ્યું છે.

ચણિયા સીવતી બહેનો પહેલા દિવસના ૮થી ૧૨ ડઝન સીવીને દિવસના ૩૦૦થી ૪૦૦ રૂપિયા કમાતા હતાં, જે હવે ઘટીને માત્ર ૧થી ૨ ડઝન અને ૧૦૦ રૂપિયાની કમાણી પર આવી ગઈ છે. ગાઉન સીવતા કામદાર બહેનો પહેલાં એક ગાઉન સીવવાના ૧૫૦ રૂપિયા મળતા હતા, જે હવે ઘટાડીને રૂ. ૭૫ થઇ ગયા છે. કાચા માલ અને વાહનવ્યવહારના ભાડામાં વધારો થવાને કારણે કામદારો પર આર્થિક બોજ વધ્યો છે. આવક ઓછી હોવાથી તેઓ હવે કાચો માલ લેવા કે તૈયાર માલ આપવા માટે માલિક/કોન્ટ્રાક્ટર પાસે જવાનું મોંઘુ થયું છે. વેપારીઓ પણ અત્યારે માલ ભરતા ડરે છે. તેઓ પોતાની પાસે રોકડ સાચવી રાખવા માગે છે.

**અન્ય ધંધાઓ પર અસર**

- કાચા માલની અછત અને વાહન વ્યવહાર મોંઘા થતા બીડી વાળવાનું કામ ૫૦% ઘટી ગયું છે.
- કાચો માલ ઓછો મળવાને લીધે પ્લાસ્ટિકના ફૂલ-હાર બનાવવાનું કામ કરતાં કામદાર બેનોનું કામ ઓછું થયું છે.
- કાચની બંગડીઓના કામમાં નાના LPG સ્ટવનો ઉપયોગ થાય છે. ગેસની અછત અને વધતા ભાવને કારણે આ કામદાર બેનો પાસે હવે કામ ઘટતું ગયું છે .

યુદ્ધની પરિસ્થિતિ આ કામદારો માટે તેમના અસ્તિત્વની લડાઈ છે. અસંગઠિત ક્ષેત્રના આ કામદારો અત્યારે મોંઘવારી અને મંદીથી બેવડો માર વેઠી રહ્યા છે. એક તરફ કામ અને કમાણી ઘટી રહ્યાં છે, તો બીજી તરફ ખોરાક, ઈંધણ, આરોગ્ય અને શિક્ષણ પાછળનો ખર્ચ સતત વધી રહ્યો છે. જે દેશો વચ્ચે યુદ્ધ ચાલે છે તેમના નામ પણ આ મહિલાઓ જાણતી નથી, છતાં તેની સૌથી મોટી કિંમત આ કામદારોએ ચૂકવવી પડી રહી છે.

વેચનારા કે જે પોતે જે ધંધો કરે છે તે માટે ખરીદી કરે છે તેના ભાવમાં ૧૦-૨૦ ટકાનો વધારો થયો છે. બીજી તરફ, લોકોની ખરીદશક્તિ ઘટી છે, જેથી તેઓ માત્ર સૌથી જરૂરી વસ્તુઓ જ ખરીદે છે. પરિણામે, વેચનારાઓ સાવ ઓછા નફા સાથે પોતાનો ધંધો ચલાવે છે. ફળોના ભાવમાં ૩૦%થી વધુનો વધારો થયો છે. ઉદાહરણ તરીકે, દ્રાક્ષનું એક કેરેટ પહેલાં ૫૦૦ રૂપિયામાં મળતું હતું, તે હવે ૮૦૦ રૂપિયામાં મળે છે. વેચનારાઓની કમાણી ઘટી છે. ગેસ સિલિન્ડર (LPG)ની અછત અને કાળાબજાર (૩૦૦૦ રૂપિયા સુધીનો ભાવ)ના કારણે ૧૫થી ૨૦% ખાણી પીણીની લારીઓ બંધ થઈ ગઇ છે.

માર્ચ મહિનામાં આવેલા વાવાઝોડા અને કમોસમી વરસાદને કારણે મીઠાના અગરો, સોલર પેનલ્સ અને મકાનોને ભારે નુકસાન થયું છે. સરકારી વળતર હજુ મળ્યું નથી, તેથી કામદારોએ એક તરફ લોનના હપ્તા ભરવાના છે અને બીજી તરફ સમારકામનો ખર્ચ ઉઠાવવાનો છે. ડીઝલના વધતા ભાવને કારણે પાણી કાઢવાના પંપનો ખર્ચ પણ વધી ગયો છે.

કામકાજમાં અસ્થિરતાને કારણે ગરીબ શ્રમજીવીઓને ઊંચા વ્યાજે પૈસા ઉછીના લેવા પડે છે અથવા તો સગા સંબધીઓ પાસેથી ઊછીના લેવા પડે છે. નાની લોન સરળતાથી તેમને મળતી નથી.

ખાવાના તેલના ભાવ બળતણ અને ખાવાની ચીજવસ્તુઓના ભાવમાં ૨૦-૨૫%નો વધારો થયો છે. ગેસ ન મળવાને કારણે લોકો લાકડાં પર રસોઈ કરવા લાગ્યા છે અને લાકડાંના ભાવ પણ બમણાં થઈ ગયા છે.


આર્થિક તંગીને કારણે બાળકોએ શાળા છોડવી પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પણ માનસિક તાણમાં છે.

**આશા રાખીએ કે, હવે તો આ યુદ્ધ પોરો ખાય.. અને શાંતિ સ્થપાય અને ઈલાબહેનના નીચેના વાક્યથી આ લેખ સમાપ્ત કરું.**

**"હે પરમેશ્વર, મને તારી શાંતિનું સાધન બનાવ !"**

❑

# મહિલાઓ, કામ અને શાંતિઃ આશાનું કિરણ દર્શાવતું એક પુસ્તક...



**'મહિલાઓ, કામ અને શાંતિ' પુસ્તક વિમોચન પ્રસંગ**

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર (IGNCA)ના વડા રામબહાદુર રાયે જણાવ્યું કે, પ્રખ્યાત સામાજિક કાર્યકર અને 'સેવા'ના સ્થાપક ઈલાબેન ભટ્ટનું પુસ્તક 'મહિલાઓ, કામ અને શાંતિ' એ તેમણે આપેલાં ભાષણોનો સંગ્રહ છે, પરંતુ તેમાં માત્ર બોલાયેલા શબ્દો નથી. તે સમાજ સાથે દાયકાઓ સુધી જોડાયેલાં રહેવાથી મળેલા અનુભવોનો નિચોડ છે. આ અનુભવો આકાશ જેવા ગહન અને વ્યાપક છે ગાંધીજી અને કસ્તુરબા જે પ્રયોગ મહિલાઓ સાથે કરવા માંગતાં હતાં, તેને ઈલાબેન ભટ્ટે મહિલાઓ સાથે કર્યો અને આગળ વધાર્યો. આ પુસ્તકમાં માત્ર ભારતીય મહિલાઓની જ ચિંતા નથી, પરંતુ દક્ષિણ એશિયાઈ મહિલાઓની પણ ચિંતા છે. તેમણે કહ્યું કે 'માઈક્રોફાઈનાન્સ' એ ઈલા ભટ્ટનું સૌથી મોટું પ્રદાન છે. તેઓ દિલથી કામ કરતા હતા.

રામબહાદુર રાય 'મહિલાઓ, કામ અને શાંતિ' પુસ્તકના વિમોચન અને ચર્ચા સમારોહમાં અધ્યક્ષીય ભાષણ આપી રહ્યા હતા. તેમણે શરીર અને મન બંને પર નિયંત્રણ મેળવવાના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, ઈલાબેનને ખરા અર્થમાં યાદ રાખવા માટે નિર્ણયો મગજને બદલે દિલથી લેવા જોઈએ. તેમણે કહ્યું, આ એક ખૂબ જ મહત્વપૂર્ણ પુસ્તક છે, એ અર્થમાં કે જો તમારે અંધકારમાંથી બહાર નીકળવું હોય, તમે પ્રકાશની શોધમાં હો, તો આ પુસ્તક એક ટોર્ચની જેમ, પ્રકાશની જેમ, સૂરજના કિરણની જેમ કામ કરશે.

આ કાર્યક્રમનું આયોજન 'ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના કલાનિધિ વિભાગ' દ્વારા કરવામાં આવ્યું હતું. આ પુસ્તક ઈલા ભટ્ટના અંગ્રેજી પુસ્તક 'વુમન, વર્ક એન્ડ પીસ'નો હિન્દી અનુવાદ છે. તેનો અનુવાદ વરિષ્ઠ પત્રકાર નીલમ ગુપ્તાએ કર્યો છે અને નવજીવન ટ્રસ્ટે તેનું પ્રકાશન કર્યું છે.

આ પ્રસંગે રેનાના ઝાબવાલાએ જણાવ્યું હતું કે, વિચાર, કામ અને મૂલ્યો ઈલાબેન ભટ્ટના મુખ્ય સિદ્ધાંતો હતા. તેમાં કામને હંમેશાં સૌથી આગળ રાખવામાં આવ્યું. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે ઈલાબેનનું દઢપણે માનવું હતું કે ગરીબી પોતે જ એક પ્રકારની હિંસા છે. મહિલા કામદારોનું કામ તેમને ગરીબીમાંથી બહાર લાવીને ગૌરવ અપાવે છે. સાવરણી કેવી રીતે જમીનમાંથી ઊગેલા ઘાસમાંથી બને છે અને જ્યારે તેનું કામ પૂરું થઈ જાય

છે ત્યારે તેને પશુઓને ખવડાવી દેવામાં આવે છે. ત્યારબાદ વરસાદ આવતા જ તે ફરીથી નવું ઘાસ બનીને આપણી સામે આવી જાય છે. એટલે કે, જે પ્રકૃતિમાંથી નીકળ્યું તે જ પ્રકૃતિમાં ભળી ગયું અને ફરી તેમાંથી જ નવું સ્વરૂપ લઈને બહાર આવ્યું. કુદરતી, નિરંતર અને પુનર્જીવિત થનારી આ પ્રક્રિયા ઈલાબેન ભટ્ટનાં રોજબરોજના કામમાં સામેલ પર્યાવરણીય (ઇકોલોજિકલ) વિચારધારાનું એક સુંદર ઉદાહરણ છે.

'મહિલાઓ, કામ અને શાંતિ' પુસ્તક હિન્દીમાં પ્રકાશિત થયું એ અગત્યનું છે કે 'સેવા'ની શ્રમિક બહેનોને તેમના કામ અને નિર્ણયોમાં આ પુસ્તક ભવિષ્યમાં એક માર્ગદર્શિકા તરીકે કામ કરશે.

'ગુજરાત વિદ્યાપીઠ'ના પૂર્વ કુલનાયક અને જાણીતા સામાજિક કાર્યકર સુદર્શન આયંગરે રહીમના એક દોહાથી શરૂઆત કરી: 'જહાં કામ આ વૈ સુઈ, કહા કરે તલવારિ' (જ્યાં સોય કામ આવે, ત્યાં તલવાર શું કરી શકે). તેમણે સમજાવ્યું કે સોય ભલે ખૂંચી શકે, પરંતુ તે સાંધવા માટે (સાજું કરવા માટે) જ એવું કરે છે. નરમાશ એ નબળાઈ નથી; એ તો એક કળા, કુશળતા અને તાકાત છે. તેમણે ઉમેર્યું કે મહિલાઓ હંમેશાં પોતાના સમય કરતાં આગળ રહી છે.

તેમણે કહ્યું કે પુસ્તકનું શીર્ષક ખૂબ જ સચોટ છે, કારણ કે તે મહિલાઓના નેતૃત્વમાં તેમની સામુદાયિક શક્તિ અને સહિયારા શ્રમમાંથી જન્મેલી મહિલા-કેન્દ્રી આર્થિક પ્રણાલીની શરૂઆતને દર્શાવે છે. 'સેવા' જે કામ કરી રહી છે તેના પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે, યુનિયનના પાયાના પ્રયાસોથી શાંતિ માટે એક શાંત પરંતુ ઊંડી ક્રાંતિની શરૂઆત થઈ છે. ઈલાબેન ભટ્ટની વિચારધારાને એક વ્યાપક સામાજિક-આર્થિક સંદર્ભમાં મૂકતા તેમણે આગળ કહ્યું કે, તેમણે સુરક્ષા (સિક્યોરિટી)ની જૂની વિચારધારાને સતત પડકારી અને જણાવ્યું કે માત્ર આહાર (અન્ન) જ સાચી સુરક્ષા નથી; કામનું ગૌરવ, સામુદાયિક સશક્તિકરણ અને સામાજિક ન્યાય પણ એક ટકાઉ અને માનવતાવાદી સમાજ માટે એટલા જ જરુરી છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે ઇલા ભટ્ટે વાણી અને કર્મનો મેળ કર્યો હતો. તેમણે પોતાની વાત એમ કહીને પૂરી કરી કે, ઈલાબેન ભટ્ટની આ યાત્રા કર્મની દુનિયાથી જ્ઞાનની દુનિયા તરફના એક આંદોલનનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમના અવાજને વધુ બુલંદ બનાવવો જોઈએ.

આ પ્રસંગે બોલતાં પત્રકાર, લેખિકા અને જમનાલાલ બજાજ પુરસ્કારથી સન્માનિત રજનીબેન બક્ષીએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીના અહિંસાના દર્શનને માત્ર એક નૈતિક કે રાજકીય રણનીતિ તરીકે નહીં, પરંતુ સભ્યતાના એક પાયાના સિદ્ધાંત તરીકે સમજવું જોઈએ. માનવ ઇતિહાસમાં કરુણા, સહયોગ તથા પરસ્પર સંભાળ એ આક્રમકતા પહેલાં આવે છે. આ માનવીય ગુણો જ અહિંસાનો સાર છે. આ એ જ ખાસ માનવીય ગુણો અને મૂલ્યો છે જેની સાથે ઈલાબેને કામ કર્યું અને અન્યો પાસે કરાવ્યું. તેમાં તેમને અપાર સફળતા મળી, જેને સમગ્ર વિશ્વએ સ્વીકારી અને સન્માનિત કરી છે.

પોતાના જીવન અને કાર્યના અનુભવો જણાવીને ઈલાબેને એ બતાવ્યું અને સાબિત કર્યું છે કે ગાંધીજી માત્ર પ્રેરણાનો સ્રોત જ નહીં, પરંતુ શક્તિનો સ્રોત પણ છે. ઈલાબેનના કાર્યએ આ વાત ઘણી રીતે દર્શાવી છે, પરંતુ હું માત્ર એક જ પાસા પર ધ્યાન કેન્દ્રિત કરીશ. ઈલાબેનનો સામૂહિક તાકાત અને સામૂહિક શક્તિનો દૃષ્ટિકોણ હંમેશા આદર્શો અને પ્રાપ્ત કરી શકાય તેવાં લક્ષ્યો માટે હતો, ક્યારેય કોઈ વ્યક્તિ કે જૂથની 'સામે' નહોતો. તેમણે લખ્યું છે કે, આ જ કારણે 'સેવા'ની લાખો બહેનો એક મજબૂત સંગઠન બનાવી શકી છે, કારણ કે તેમની શક્તિ કોઈ 'અન્ય' સામે લડવાને બદલે એકબીજાને સાથ આપવા અને અંદરોઅંદર મજબૂત કરવા પાછળ લાગેલી રહી છે.

પુસ્તકના અનુવાદક પત્રકાર અને લેખિકા નીલમ ગુપ્તાએ જણાવ્યું કે, આ પુસ્તક ઈલાબેન ભટ્ટે આપેલાં ભાષણોનો સંગ્રહ છે. પુસ્તકમાં દેશ-વિદેશમાં આપેલાં તેમનાં ૨૭ ભાષણો છે. જે આ પચાસ વર્ષોમાં 'સેવા'ની બહેનો સાથે કામ કરતી વખતે તેમના અનુભવોના આધારે ઘડાયેલા વિચારો અને ખ્યાલોને આપણી સામે લાવે છે.

માર્ગી શાસ્ત્રીએ અંગ્રેજી પુસ્તક 'વુમન, વર્ક એન્ડ પીસ'માં તેમનાં ભાષણોનું સંકલન કર્યું છે. નીલમ ગુપ્તાએ જણાવ્યું કે, ઈલા ભટ્ટ આ પુસ્તકને હિન્દીમાં એટલા માટે જોવા માંગતાં હતાં જેથી તેઓ પુસ્તકમાં રહેલા પોતાના વિચારો, અનુભવો અને ખ્યાલોને 'સેવા'ની એ ૩૮ લાખથી પણ વધુ બહેનો સુધી પહોંચાડી શકે, જેઓ સેવાના

શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.
SHRI MAHILA SEWA SAHAKARI BANK LTD.

50 YEARS OF EMPOWERING WOMEN



સિદ્ધાંતો અને મૂલ્યો પર ચાલીને સામાજિક તથા આર્થિક રીતે માત્ર પોતે જ આત્મનિર્ભર નથી થઈ, પરંતુ સમાજ અને વહીવટીતંત્રને પણ એક નવી દિશા આપી રહી છે.

નીલમ ગુપ્તાએ જણાવ્યું કે, એપ્રિલ, ૨૦૨૨માં 'સેવા'ના પચાસ વર્ષના સ્થાપનાની ઉજવણી વખતે થયેલી મુલાકાતમાં ઈલાબેન ભટ્ટે પોતે જ તેમને પોતાના પુસ્તક 'વુમન, વર્ક એન્ડ પીસ'નો હિન્દીમાં અનુવાદ કરવા માટે પ્રેરણા આપી હતી. નવેમ્બર, ૨૦૨૨માં ઈલાબેન પંચમહાભૂતમાં વિલીન થઈને પ્રકૃતિ સાથે એકાકાર થઈ ગયાં. પછી તેમના પુત્ર મિહિર ભટ્ટે આ અનુવાદના કાર્યને પૂરું કરાવવાની જવાબદારી લીધી. નીલમ ગુપ્તાએ પુસ્તકની પ્રથમ નકલ ઈલાબેન ભટ્ટને સમર્પિત કરી અને એક અમૂલ્ય વારસા તરીકે તેને 'સેવા'ના રેનાના ઝાબવાલાને સોંપી હતી.

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના કલાનિધિ વિભાગના વડા પ્રો. રમેશ ચંદ્ર ગૌડે પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, આ પુસ્તક મહિલાઓના કામ, સામાજિક ન્યાય (સોશિયલ જસ્ટિસ) અને શાંતિ પર એક જરૂરી અને વિચારવા મજબૂર કરે તેવી ચર્ચાને આવકારે છે. આજનો સમાજ મહિલાઓની સક્રિય ભૂમિકાને ઝડપથી ઓળખી રહ્યો છે અને સ્વીકારી રહ્યો છે, પરંતુ હંમેશાં એવું નહોતું. એક સમય એવો હતો જ્યારે સામાજિક માળખામાં મહિલાઓને આવો દરજ્જો આપવામાં આવતો નહોતો. આ પુસ્તક આ ઐતિહાસિક અસંતુલન પર ચિંતન કરવાની પ્રેરણા આપે છે.

કાર્યક્રમમાં સેવા'ની બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

હવે આ પુસ્તકના સંકલનકર્તા માર્ગી શાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો, 'આવનારા સમય માટે તૈયાર થવા માટે આ પુસ્તક વાંચવા જેવું છે.

'મહિલાઓ, કામ અને શાંતિ' પુસ્તકમાં ઈલાબેનનાં કુલ ૨૭ ભાષણો સામેલ છે. આ માત્ર ભાષણો નથી, પરંતુ જો ઊંડાણપૂર્વક જોઈએ તો આપણી સમક્ષ એક એવી દુનિયાની રચના બતાવે છે કે, જ્યાં શાંતિ છે, સમાનતા છે, દરેક માટે રોજગારી છે અને દરેક માટે રોટલો છે. એક સ્ત્રીના માધ્યમથી સમગ્ર માનવજાતના કલ્યાણનું સપનું જોનારાં ઈલાબેને ૩૦ લાખથી પણ વધુ સ્વાશ્રયી મહિલાઓને આત્મનિર્ભરતાનો સ્વાદ ચખાડ્યો. કામ તો આ બહેનો હંમેશાંથી કરતાં જ આવ્યાં છે, પરંતુ હવે તેઓ જાણે પહેલીવાર જાણી શકી કે તેઓ પણ કામદાર છે. તેમની પણ એક 'ઓળખ' છે અને પછી આ જ ઓળખ તથા ભાવના સાથે આ બહેનોની કુશળતા ઠેઠ પેરિસના ફેશન શો સુધી પહોંચી ગઈ.

❑

## જૂની આયુર્વેદિક કહેવતો – જીવનનો સાર

ઘઉં ખાવાથી શરીર ફૂલે, જવ ખાવાથી ઝૂલે;
મગ ને ચોખા ના ભૂલે, તો બુદ્ધિના બારણા ખુલે.

ઘઉં તો પરદેશી જાણું, જવ તો છે દેશી ખાણું;
મગની દાળ ને ચોખા મળે, તો લાંબુ જીવી જાણું.

ગાયના ઘીમાં રસોઈ રાંધો, તો શરીરનો મજબૂત બાંધો;
તલના તેલની માલિશથી, દુઃખે નહીં એકેય સાંધો.

ગાયનું ઘી છે પીળું સોનુ, મલાઈનું ઘી ચાંદી;
હવે વનસ્પતિ ઘી ખાઈને, થાય સારી દુનિયા માંદી.

મગ કહેઃ હું લીલો દાણો, ને મારે માથે ચાંદું;
બે ચાર મહિના મને ખાય, તો માણસ ઉઠાડું માંદું.
ચણો કહેઃ હું ખરબચડો, મારો પીળો રંગ જણાય;
જો રોજ પલાળી મને ખાય, તો ઘોડા જેવા થવાય.

રસોઈ રાંધે જો પીત્તળમાં, ને પાણી ઉકાળે તાંબામાં;
જો ભોજન કરે કાંસામાં, તો જીવન માણે લાબામાં.

ઘર-ઘરમાં રોગનાં ખાટ્લાં, ને દવાખાનામાં બાટલા;
 બીજનાં ઠંડા પાણી પીને, ભૂલી ગયા છે માટલા.

પૂર્વે ઓશીકે વિદ્યા મળે, દક્ષિણે ધન કમાય;
પશ્ચિમે ચિંતા ઉપજે, ને ઉત્તરે હાનિ થાય.

ઊંધો સુવે તે અભાગ્યો, ચતો સુવે તે રોગી;
ડાબે તો સૌ કોઈ સુવે, જમણે સુવે તે યોગી.

આહાર એ જ ઔષધ છે, ત્યાં દવાનુ શું કામ;
આહાર-વિહાર અજ્ઞાનથી, દવાખાના થાય છે જામ.

રાત્રે વહેલા જે સુવે, વહેલા ઉઠે તે વીર;
પ્રભુ ભજન પછી ભોજન કરે, એ નર છે વીર.

❑

‘ANASOOYA’ R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6-22-4-26

## અનસૂયા

- ૪૪માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક ‘અનસૂયા’

- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.

- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો ‘અનસૂયા’નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.

- ‘સેવા’ અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર ‘અનસૂયા’ના ફલકનો વ્યાપ વધ્યો છે.

- વિસ્તૃત વાચકવર્ગ સુધી ‘અનસૂયા’ પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**‘અનસૂયા’ પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-22-4-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]